11

ક્રમાંક:- ભવજ-૨૦૧૬-૨૧૬-ખ.૧
શિક્ષણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૧૩/૦૬/૨૦૧૬.

પ્રતિ,

કુલસચિવશ્રી,
મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી,
સરદાર વલ્લભભાઇ પટેલ કેમ્પસ,
ગૌરીશંકર લેઇક રોડ,
ભાવનગર-૩૬૪૦૦૧.

વિષય:- પ્રમુખશ્રી, શ્રીનંદકુવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલય ટ્રસ્ટ, ભાવનગર, સંચાલિત મહારાણી નંદ કુવરબા મહિલા આર્ટસ કોલેજ, ભાવનગરને મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી સાથે વિનયન વિદ્યાશાખા અંતર્ગત બી.એ.ના સ્વનિર્ભર અભ્યાસક્રમને સૈધ્ધાંતિક પૂર્વમંજુરી આપવા બાબત

શ્રીમાન,

ઉકત વિષય પરત્વેના આપના તા.૪/૬/૨૦૧૬ના પત્ર ક્રમાંક:એકેડે/જોડાણ/૫૯૩/૯૨૧/૨૦૧૬ના અનુસંધાને પ્રમુખશ્રી, શ્રીનંદકુવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલય ટ્રસ્ટ, ભાવનગર, સંચાલિત મહારાણી નંદ કુવરબા મહિલા આર્ટ્સ કોલેજ, ભાવનગરને મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી સાથે વિનયન વિદ્યાશાખા અંતર્ગત બી.એ.ના સ્વનિર્ભર અભ્યાસક્રમને શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૨૦૧૭થી શરૂ કરવા માટે નીચેની શરતોએ આથી સૈધ્ધાંતિક પૂર્વમંજુરી આપવામાં આવે છે.

(૧) સંસ્થાએ રજુ કરેલ સોગંદનામામાં સંસ્થા દ્વારા કબુલાત કર્યા મુજબ કાયમી ધોરણે સંસ્થાને કોઇ ગ્રાંટ મળશે નહી. હાલ તથા ભવિષ્યમાં સંસ્થાએ કોલેજ સંપૂર્ણપણે સ્વખર્ચે ચલાવવાની રહેશે, તથા સંસ્થા દ્વારા ગ્રાન્ટ અંગે ભવિષ્યમાં પણ કોઇ માંગણી કરવામાં આવશે નહી.

(૨) સંસ્થા / કોલેજે યુનિવર્સિટી તેમજ રાજ્ય સરકાર વખતો વખત નકકી કરે તે નિયમો / શરતોનું યથાયોગ્ય પાલન કરવાનું રહેશે.

(૩) યુનિવર્સિટી તરફથી શરતોના પરિપાલનનો અહેવાલ મળ્યા બાદ જ જોડાણ આપવા અંગે વિચારણા કરવામાં આવશે. કોઇ શરતી જોડાણ મંજુર કરવામાં આવશે નહી.

(૪) આ અભ્યાસક્રમો અંગે ભાવનગર યુનિવર્સિટીના પરામર્શમાં ગુણવત્તાના ધોરણે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગે યુનિવર્સિટી જે પધ્ધતિ નકકી કરે તે મુજબ પ્રવેશ આપવાનો રહેશે.

(૫) સદરહુ અભ્યાસક્રમ શરૂ થયા બાદ કોઇ કારણસર બંધ થાય તો સ્ટાફની તથા અન્ય કોઇપણ નાણાંકીય જવાબદારી રાજ્ય સરકાર ઉઠાવશે નહી, પરંતુ તે અંગેની સંપૂર્ણ જવાબદારી સંસ્થાની રહેશે.

(૬) સંસ્થાએ મુકેલ રૂ. ૬,૦૦,૦૦૦ (અંકે રૂપિયા છ લાખ પુરા) ની ફીક્સ્ડ ડીપોઝીટ વખતો વખત પાકતી તારીખે વ્યાજ સહિત ફરીથી ૬(છ) વર્ષ મટે તે જ સ્વરૂપે તાજી (રીન્યુ) કરાવવાની રહેશે.

(૭) આ અભ્યાસક્રમ અંગે કેન્દ્ર સરકાર / રાજય સરકાર કે અન્ય સંસ્થાઓની મંજુરી લેવાની જરૂર હોય તો તે તમામ મંજુરી સંસ્થાએ મેળવી લેવાની રહેશે

(૮) નિયત કરેલ લઘુત્તમ દિવસોનું શૈક્ષણિક કાર્ય પૂર્ણ થઇ શકશે કે કેમ ? તેની ખાતરી કર્યા બાદ જે તે શૈક્ષણિક વર્ષ માટે વિદ્યાર્થીઓ ફાળવવાના રહેશે.

(૯) ભાવનગર યુનિવર્સિટી, દ્વારા તા.૪/૬/૨૦૧૬ના પત્રથી મોકલેલ સિન્ડીકેટે મુકેલ શરતોનું સંસ્થાએ પરિપાલન કરવાનું રહેશે અને તેની ચકાસણી ભાવનગર યુનિવર્સિટીએ કરી લેવાની શરતે સૈધ્ધાંતિક પૂર્વમંજુરી આપવામાં આવે છે.

(૧૦) સદરહુ કોલેજ વિદ્યાર્થીઓની પૂરતી સલામતીના હેતુ માટે પૂર્ણ ભૌતિક સુવિધાઓ પૂરાવે છે તે અંગેની સંપૂર્ણ ચકાસણી યુનિવર્સિટીએ કરી લેવાની રહેશે.

આપનો વિશ્વાસુ,

(ટી. એસ. પટેલ )
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ

નકલ રવાનાઃ-

- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.મંત્રીશ્રી ( શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- પ્રમુખશ્રી, શ્રીનંદકુવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલય ટ્રસ્ટ, ભાવનગર, સંચાલિત મહારાણી નંદ કુવરબા મહિલા આર્ટસ કોલેજ, નિલમબાગ, ભાવનગર. (રજી.પો.એ ડી.દ્વારા)
- નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઇલ
- પસંદગી ફાઇલ.